# અયોધ્યા કેસની સુનાવણી ૧૮મી સુધીમાં પૂર્ણ કરવા હુકમ

## દશકોથી પેન્ડિંગ રહેલા સંવેદનશીલ કેસમાં નવેમ્બરમાં ચુકાદો : હિન્દુ અને મુસ્લિમ બંને પક્ષોને ૧૮ ઓક્ટોબર સુધી બધી દલીલ પૂર્ણ કરવા આદેશ : ક્રોસ દલીલો માટે પણ બે-બે દિવસની બંને પક્ષોને સુપ્રીમની મહેતલ



નવી દિલ્હી,તા.૧૮

દશકોથી પેન્ડિંગ રહેલા રાજકીયરીતે સંવેદનશીલ રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ જમીન વિવાદના મામલામાં સુનાવણી પૂર્ણ કરવા માટેની તારીખ હવે સુપ્રીમ કોર્ટ દ્વારા ૧૮મી ઓક્ટોબર નક્કી કરવામાં આવી છે. આનો મતલબ એ થયો કે, નવેમ્બર મહિનામાં જ રાજકીયરીતે ખુબ જ સંવેદનશીલ બની ગયેલા આ વિવાદનો અને કેસનો ઉકેલ આવી શકે છે અને નવેમ્બર સુધી સુપ્રીમ કોર્ટ ચુકાદો આપી શકે છે. હિન્દુ અને મુસ્લિમ પક્ષો તરફથી દલીલોને પૂર્ણ કરવા માટેની ટાર્ગેટ તારીખ નક્કી થઈ ચુકી છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચ દ્વારા આ મામલામાં સુનાવણી થઈ રહી છે. ૧૭મી નવેમ્બરના દિવસે ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ નિવૃત્ત થનાર છે. અયોધ્યાના મામલે સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે હવે મધ્યસ્થતાના પ્રયાસો માટે મામલામાં સુનાવણીને રોકવામાં આવનાર નથી. કોર્ટે કહ્યુ છે કે સુનાવણીની સાથે સાથે સમાંતર રીતે મધ્યસ્થતાના પ્રયાસો સંબંધિત લોકો કરી શકે છે. આની સાથે જ મામલાની સુનાવણી માટે ચીફ જસ્ટીસ, રંજન ગોગોઈએ સમય મર્યાદા પણ નક્કી કરી દીધી છે. ગોગોઈએ ૧૮મી ઓક્ટોબર સુધી દલીલો પૂર્ણ કરવા માટે સુચના આપી દીધી છે. જાણકાર નિષ્ણાંતો માની રહ્યા છે કે નવેમ્બર સુધીમાં ચુકાદો આવી શકે છે. સુપ્રીમ કોર્ટે મામલાના ઝડપી નિકાલનો હવે સંકેત આપી દીધો છે. સાથે સાથે કહ્યુ છે કે સમાંતર પ્રયાસ થઈ શકે છે. ૧૭મી નવેમ્બરના દિવસે સીજેઆઈ નિવૃત થવા જઈ રહ્યા છે. તે પહેલા કોર્ટનો ચુકાદો આ સંવેદનશીલ મામલામાં આવી શકે છે. બંને પક્ષોના વકીલ રાજીવ ધવન અને સીએસ વૈદ્યનાથ દ્વારા આપવામાં આવેલી કામચલાઉ અવધિને ધ્યાનમાં લઈને સીજેઆઈ કહ્યુ છે કે અયોધ્યા મામલાની સુનાવણી ૧૮મી ઓક્ટોબરના દિવસે પૂર્ણ કરી લેવામાં આવનાર છે. સીજેઆઈએ એમ પણ કહ્યુ છે કે તમામ પક્ષો પોતાની દલીલોને ૧૮મી ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરી લે તે જરૂરી છે. ગોગોએ સંકેત આપ્યો છે કે જો સમય ઓછો રહેશે તો અમે શનિવારના દિવસે પણ સુનાવણી કરીશુ.

## ન્યુઝ ટ્રેક

### બેંગ્લુરૂમાં યુકો બેંકની બિલ્ડીંગમાં આગ

બેંગ્લુરૂમાં યુકો બેંકની ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. પ્રાથમિક સૂચના અનુસાર બિલ્ડીંગમાં ઘણા લોકો ફસાયા હોવાની આશંકા છે. બિલ્ડીંગમાં વિસ્ફોટ થયો હોવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

### ફેસબુકે ૨.૬૦ કરોડ પોસ્ટ હટાવી

સોશ્યલ મીડિયા કંપની ફેસબુકે પોતાના પ્લેટફોર્મ પરથી ૨.૬૦ કરોડ આતંકી સંગઠનોના પોસ્ટ હટાવી દીધા છે. સૌથી વધુ આઈએસઆઈએસ અને અલકાયદાની પોસ્ટ હતી. ફેસબુકે કહ્યુ છે કે આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ અને માનવ વિશેષજ્ઞના સહયોગથી આતંકી પોસ્ટને ડીલીટ કરવામાં આવી છે.

### વિનેશ ફોગાટ ઓલમ્પિક માટે ક્વોલીફાય

ભારતની સ્ટાર પહેલવાન વિનેશ ફોગાટે વિશ્વ કુસ્તી ચેમ્પિયનશીપમાં જોરદાર દેખાવ કર્યો છે. આ સાથે જ તેઓ ઓલિમ્પિક-૨૦૨૦માં ક્વોલીફાય થનારા પ્રથમ ભારતીય પહેલવાન બની ગયા છે.

### ભારતે પીએમ મોદી માટે પાકિસ્તાન એરસ્પેસ ખોલવા અપીલ કરી

પાકિસ્તાનના મીડિયા રિપોર્ટ્સમાં બુધવારે દાવો કરાયો હતો કે ભારત સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે પાકિસ્તાનને એરસ્પેસ ખોલવાની અપીલ કરી છે. મોદી ૨૨ સપ્ટેમ્બરે અમેરિકાના હ્યૂસ્ટનની મુલાકાત લેશે, જ્યાં તેઓ હાઉડી મોદી કાર્યક્રમમાં ભાગ લેશે. આ મામલે પાકિસ્તાનની ઈમરાન સરકાર વિચાર-વિમર્શ કર્યા બાદ નિર્ણય લેશે.

# રેલવે કર્મચારીઓને મળશે ૭૮ દિવસનું બોનસ, ઈ-સિગારેટ પર પ્રતિબંધ

## નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યોજાયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં બે મોટા નિર્ણય લેવાયા : દિવાળીના પર્વ પહેલા ૧૧ લાખ કર્મચારીઓને પ્રત્યક્ષ લાભ મળશે

નવીદિલ્હી, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર દ્વારા એક પછી એક મોટા નિર્ણયો લેવાનો સિલસિલો જારી રાખવામાં આવ્યો છે જેના ભાગરુપે આજે કેન્દ્રીય કેબિનેટ દ્વારા વધુ બે મોટા નિર્ણય કરવામાં આવ્યા છે. આ બે નિર્ણયો પૈકી એક નિર્ણયમાં રેલવે કર્મચારીઓને બોનસ આપવાની અને બીજા નંબરમાં ઈ-સિગારેટ ઉપર પ્રતિબંધ મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રીય કેબિનેટની બેઠક આજે યોજાઈ હતી. આ બેઠકમાં વધુ એક નિર્ણય ઈ-સિગારેટને લઈને કરવામાં આવ્યો હતો. સરકારે ઈ-સિગારેટ પર સંપૂર્ણપણે પ્રતિબંધ લાગૂ કરવાની જાહેરાત કરી દીધી છે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં બંને નિર્ણયો ઉપર મંજુરીની મહોર



મારવામાં આવી હતી. કેન્દ્ર સરકારે તહેવારથી પહેલા રેલવે કર્મચારીઓ માટે બોનસની જાહેરાત કરી દીધી છે. આ હેઠળ રેલવે કર્મચારીઓને ૭૮ દિવસના બરોબર બોનસ આપવામાં આવશે. ૧૧ લાખથી વધુ કર્મચારીઓને આનો સીધો લાભ આપવામાં આવશે. કેન્દ્રીયમંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું છે કે, પ્રથમ વખત સતત છઠ્ઠા વર્ષમાં રેલવે કર્મચારીઓને બોનસ આપવામાં આવી રહ્યું છે. બોનસ આપવાથી સરકારી ખજાના ઉપર ૨૦૨૪ કરોડ રૂપિયાનો બોજ પડશે. રેલવે કર્મચારીઓને ૭૮ દિવસના પગારના બરોબર બોનસ આપવામાં આવનાર છે. ઈ-સિગારેટને પણ સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવાનો નિર્ણય કર્યો છે. કેબિનેટના નિર્ણયથી વાકેફ કરવા માટે બોલાવવામાં આવેલી પત્રકાર પરિષદમાં ઉપસ્થિત નાણામંત્રી સીતારામને કહ્યું હતું કે, ઈ-સિગારેટને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરી દેવામાં આવી છે. ઈ-સિગારેટના ઉપયોગ, ઉત્પાદન, વેચાણ, સંગ્રહ ઉપર પ્રતિબંધ રહેશે. સ્કુલી બાળકોમાં પણ તેનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરને જ્યારે પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે કહ્યું હતું કે, સરકાર વિવિધ દિશામાં પગલા લઈ રહી છે.

# ગાંધી જયંતિથી સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકાશે

## કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને સ્પષ્ટ સુચના : સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને બંધ કરી દેવા માટેની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલની સીધી અસર દેખાઇ

નવી દિલ્હી,તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને બંધ કરી દેવાની અપીલની અસર હવે જોવા મળી રહી છે. બજારમાં ખરીદાર અને દુકાનદારમાં પણ આને લઈને ચર્ચા જોવા મળી રહી છે. હવે તમામ લોકો આ બાબત પર ભાર મુકી રહ્યા છે કે હવે પ્લાસ્ટિકની થેલી લાવવાના બદલે ઘરેથી ચીજવસ્તુઓ માટે પોતાની થેલી લાવવાની રહેશે. બીજી ઓક્ટોબરથી ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ જશે. કેન્દ્ર સરકાર પૂર્ણ રીતે પ્રયાસ કરી રહી છે કે બાપુની જયંતિ પહેલા પ્લાસ્ટિક બેંગ્સ, પ્લાસ્ટિક કટલરી અને થરમોકોલમાંથી બનેલી ચીજોને સંપૂર્ણ પણે બંધ કરી દેવામાં આવે. કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યોને આને લઈને ચેતવણી પણ આપી દીધી છે. મોદી વર્ષ ૨૦૨૨ સુધી સિંગલ યુઝ પ્લાસ્ટિકને પૂર્ણ રીતે ખતમ કરવા માટે ઈચ્છુક છે. આ સંબંધમાં પર્યાવરણ મંત્રાલય દ્વારા એડવાઈઝરી જારી કરવામાં આવી હતી. સરકારી ઓફિસ, પબ્લિક અને પ્રાઈવેટ કંપનીઓ, તેમજ ઓફિસમાં પ્લાસ્ટિકના ઉત્પાદન જેમ કે કૃત્રિમ ફુલ, બેનર્સ, ફ્લેગ જેવી ચીજો પ્લાસ્ટિકના રાખવામાં ન આવે. પ્લાસ્ટિકની સ્ટેશનરી પણ ન રાખવા માટેના આદેશ જારી કરવામાં આવ્યા છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક હેઠળ કઈ કઈ ચીજો આવી રહી છે તે બાબતની ખાતરી કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આને લઈને કેટલીક દુવિધા રહેલી છે. જેને દુર કરવાના પ્રયાસ સરકાર દ્વારા પણ થઈ રહ્યા છે. રાજ્યોને જાગૃત કરવા માટે પણ કહેવામાં આવ્યુ છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યુ છે કે ઓફિસમાં દરેક પ્રકારના કચરાને અલગ રાખવાની વ્યવસ્થા કરવામાં આવે છે. રાજ્યોને કેટલીક સ્પષ્ટ સુચના આપવામાં આવી છે. તમામ ધાર્મિક સ્થળો માટે પણ સુચના આપવામાં આવી છે. કેન્દ્ર સરકારની એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે, શ્રેણીબદ્ધ ચીજોનો ઉપયોગ બંધ થઈ શકે છે જેમાં પ્લાસ્ટિક બેગ, હેન્ડલ અને હેન્ડલવગરના બેગનો સમાવેશ થાય છે. પ્લાસ્ટિકની કટલરી, કપ, ચમચીઓ અને પ્લેટનો ઉપયોગ બંધ થઈ શકે છે. ઉપરાંત અન્ય પાણીની બોટલોને પણ બંધ કરવામાં આવી શકે છે.

# રાજ્યમાં ૧૨૨ ટકા વરસાદ ૮૯ જળાશયો છલકાયા

## સરદાર સરોવરમાં ૯૮.૯૪ ટકા પાણી ભરાયું : આગામી બે દિવસમાં બંગાળની ખાડીમાં લો-પ્રેશર સક્રિય : અહેવાલ

ગાંધીનગર,તા.૧૮

રાજ્યમાં ૧૨૧.૮૯ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે. પરિણામે રાજ્યના ૮૯ જળાશયો છલકાયા છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૮૯૬ મી.મી. એટલે કે સરેરાશ ૧૩૩.૭૪ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૯૧૭ મી.મી. એટલે કે સરેરાશ ૧૧૨.૮૭ ટકા, સૌરાષ્ટ્ર રીજીયનમાં ૮૦૧ મી.મી. એટલે કે સરેરાશ ૧૨૦.૮૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૬૬ મી.મી. એટલે કે સરેરાશ ૯૩.૮૬ ટકા અને કચ્છ રીજિયનમાં ૫૭૦ મી.મી. એટલે કે સરેરાશ ૧૪૨.૧૮ ટકા વરસાદ વરસ્યો છે. આમ રાજ્યમાં સરેરાશ કુલ ૯૯૪.૬૦ મી.મી. એટલે કે, સરેરાશ ૧૨૧.૮૯ ટકા વરસાદ થયો છે તેમ, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે.

રાજ્યમાં ૧૨૧.૮૯ ટકા સરેરાશ વરસાદ થવાથી રાજ્યના કુલ ૨૦૪માંથી ૮૯ જળાશયો છલકાયા છે. તા. ૧૮ સપ્ટેમ્બર-૨૦૧૯ સવારે ૮.૦૦ કલાકની સ્થિતિએ સરદાર સરોવર જળાશયમાં ૩,૩૦, ૫૫૪.૦૫ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ થયો છે. જે કુલ સંગ્રહશક્તિના ૯૮.૯૪ ટકા છે. ૬૮ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા તેમજ ૧૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકા વચ્ચે ભરાયા છે તેમ, રાજ્યના જળ સંપત્તિ વિભાગ, ગાંધીનગર દ્વારા મળેલા અહેવાલોમાં જણાવાયું છે.

# રાજ્યમાં નવા ટુ વ્હીલર્સ ખરીદનારને આઈએસઆઈ માર્કાનું હેલ્મેટ અપાશે

## રાજ્યમંત્રી મંડળની બેઠકમાં મહત્વનો નિર્ણય : વાહન વ્યવહાર મંત્રીની જાહેરાત : મોદી તેમજ રૂપાણીના વાહનોના વિમા સંદર્ભે કરાયેલ આક્ષેપો પાયાવગરના છે

ગાંધીનગર,તા.૧૮

વાહન વ્યવહાર મંત્રી આરસી ફળદુએ જણાવ્યું છે કે રાજયમાં આજથી જે નાગરીકો નવુ ટુ વ્હીલર ખરીદશે તેને વાહન વિક્રેતાઓ દ્વારા આઈએસઆઈ માર્કાનું હેલ્મેટ વિના મૂલ્યે ફરજીયાત આપવાનું રહેશે. મંત્રી ફળદુએ ઉમેર્યુ કે, આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને મળેલ રાજય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ મહત્વના નિર્ણયની જાહેરાત કરતા ઉમેર્યુ કે, રાજય સરકાર દ્વારા ટ્રાફીકના નિયમોનું ચુસ્તપણે અમલ કરવાનો નિર્ણય કર્યો છે. જે સંદર્ભે નાગરીકોને પડતી હાલાકી અને તેમની રજૂઆતોને ધ્યાને લઈને આ નિયમોમાં થોડી છુટછાટ આપવામાં આવી છે. રાજયમાં વાહન ચાલકોને સરળતાથી પી.યુ.સી. મળી રહે તે માટે આગામી સમયમાં રાજયમાં ૯૦૦ થી વધુ પી.યુ.સી. સેન્ટરો નવા ખોલવામાં આવશે. આ માટેની ટેન્ડર પ્રક્રિયા કરી દિન-૧૦માં સત્વરે શરૂ થઈ જશે. પી.યુ.સી.ની છુટછાટની મુદ્દત ૧૫મી ઓકટોબર-૨૦૧૯ સુધી લંબાવવામાં આવે છે. મંત્રી ફળદુએ કહયુ હતું કે, નાગરીકોને હેલ્મેટની ખરીદીમાં પડતી હાલાકી તથા રાજયમાં પુરતા પ્રમાણમાં હેલ્મેટ ન હોઈ તેને ધ્યાને લઈને નાગરીકો હેલ્મેટ ખરીદી શકે તે માટે આગામી ૧૫મી ઓકટોબર-૨૦૧૯ સુધી નાગરીકો ટુ વ્હીલર ઉપર નહી પહેરે તો તેઓની સામે કોઈ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે નહી. મંત્રી ફળદુએ કહયું કે, કેટલાક તત્વો દ્વારા સોશ્યલ મીડીયાના માધ્યમ દ્વારા વડાપ્રધાન અને મુખ્યમંત્રીના વાહનોના વીમા સંદર્ભે જે સમાચારો વહેતા કરાયા છે તે પાયાવિહોણા છે. તમામ વાહનો રજીસ્ટ્રેશન તથા વીમીત છે. તેથી વડાપ્રધાન અને મુખ્યમંત્રી જેવા વ્યકિતઓ સામે આવા આક્ષેપો કરવા અત્યંત નિંદનીય અને દુ:ખદ છે. આ માટે તેઓએ પુરતી ચકાસણી કરી લેવી જરૂરી છે. આવી ગેરલાયક અફવાઓ ફેલાવવા જે પ્રયાસો કર્યા છે તે સંદર્ભે કડકમાં કડક કાર્યવાહી કરવા રાજયના ગૃહ વિભાગને સૂચના આપવામાં આવી છે.

# રાજ્યમાં વાતાવરણમાં ફરી પલટો : સાર્વત્રિક વરસાદ

## અરવલ્લી, સાબરકાંઠા સહિતના ઉત્તર ગુજરાતમાં વરસાદ : ધરમપુર પંથકમાં ત્રણ ઇંચથી વધારે વરસાદ : લો પ્રેશરની સ્થિતિ

ગાંધીનગર, તા.૧૮

લો પ્રેશરની સ્થિતિ સર્જાઈ જવાના કારણે ગુજરાતમાં વાતાવરણમાં એકાએક જોરદાર પલટો આવી ગયો છે અને મોટાભાગના વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદ થયો છે. રાજયના મોટાભાગના પંથકોમાં વરસાદ પડ્યો છે. કેટલીક જગ્યાઓએ ભારે વરસાદ થયો છે. વરસાદી માહોલ હજુ જારી રહે તેવી શક્યતા છે. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી ભારે વરસાદની ચેતવણી દક્ષિણ ગુજરાતમાં ડાંગ, નવસારી, વલસાડ માટે જારી કરવામાં આવી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના પણ કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે જેમાં ભાવનગર, અમરેલી અને ગીરસોમનાથનો સમાવેશ થાય છે. રાજકોટ અને જુનાગઢમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ વરસાદી માહોલ જારી રહી શકે છે. આજે નર્મદા પંથકમાં ભારે વરસાદ થયો હતો જેમાં રાજપીપળા, કેવડિયામાં વરસાદ થયો હતો. વડોદરાના વાઘોડિયામાં પણ વરસાદ થયો છે. અમરેલી, વલ્લભીપુર, પાલીતાણા, જાફરાબાદ, સુરેન્દ્રનગર પંથકમાં પણ નોંધનીય વરસાદ થયો છે.

બે-ચાર દિવસના વિરામ બાદ મેઘરાજાએ આજે રાજયના કેટલાક વિસ્તારો અને પંથકોમાં ફરી એન્ટ્રી કરી હતી. ખાસ કરીને વલસાડ, ધરમપુર સહિતના પંથકોમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબકયો હતો. જેના કારણે આ વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા.

### કૃભકો અને મોડાસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ઉપક્રમે મોડાસામાં "ખેડૂત શિબિર" યોજાઈ

કૃષક ભારતી કો.ઓપરેટિવ લિમિટેડ તથા મોડાસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના સયુંકત ઉપક્રમે મોડાસામાં ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૃભકોના સી.એરિયા મેનેજર આર.કે. પટેલ, મોડાસા તાલુકા સંઘના ચેરમેન અરુણભાઈ પટેલ, વાઈસ ચેરમેન વિનુભાઈ પટેલ, કૃભકોના પ્રતિનિધિ સુમંતભાઇ પટેલ તેમજ મોડાસા તાલુકાની સહકારી મંડળીઓના ચેરમેન-મંત્રીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. કૃભકોના આર. કે. પટેલે કૃભકોના ઉત્કૃષ્ટ ઉત્પાદનો યુરિયા, ડીએપી, એનપીકે, જૈવીક ખાતર, સેન્દ્રિય ખાતર વિશે ખેડૂતો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી ખેડૂતોને સજીવ ખેતી કરવા માટે વિશેષ સમજણ આપી હતી. મોડાસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન અરુણભાઈએ સમાજના વિકાસ માટે સહકારી મંડળીઓના મહત્વ વિશે અને ખેડૂતોને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા માર્ગદર્શન આપ્યું હતું. આ સભાનું આયોજન કૃભકોના સુમંતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભિલોડાના રંગપુર પાસેથી પસાર થતા હાઈવે પર ઓવરબ્રિજ બનાવવા રજૂઆત

ભિલોડા, તા. ૧૮

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે નં-૮નું રીનોવેશન થઈ રહ્યું છે. આ હાઈવે પહેલા ફોરલેન હતો તેને અપડેટ કરીને સીક્સ લેન બનવા જઈ રહ્યો છે. ત્યારે આ માર્ગ ઉપર રાત દિવસ કામ ચાલી રહ્યા છે. ત્યારે ભિલોડા તાલુકાના રંગપુર સીમમાંથી પસાર થતા આ હાઈવે ક્રોસ કરીને ગામના ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને પસાર થવું પડે છે જે ખુબ જ જોખમી છે. ત્યારે આ માર્ગ ઉપર રંગપુર ગામની સીમમાં ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવવામાં આવે તેવી માંગ સાથે ગ્રામજનોએ અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.



અરવલ્લી જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નં-૮ સીક્સ લેન બની રહ્યો છે જેનું કામ હાલમાં જોરશોરથી ચાલી રહ્યું છે. ત્યારે ભિલોડા તાલુકાના રંગપુર ગામની સીમમાંથી પસાર થતા હાઈવે પરથી રંગપુરના વિદ્યાર્થીઓને જોખમી રસ્તો ઓળંગીને સ્કૂલે જવું પડે છે. સ્કૂલે જતા નાના ભૂલકાઓ માટે આ માર્ગ ખૂબ જોખમી હોવાને કારણે રંગપુરના ગ્રામજનો દ્વારા સોમવારના રોજ અરવલ્લી જિલ્લા કલેકટરને એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જણાવાયું હતું કે ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને દિવસભર માતેલા સાંઢની જેમ દોડતા મોટા મોટા વાહનોને કારણે જીવનું જોખમ ખેડીને માર્ગ ઓળંગવો પડી રહ્યો છે. હાઈવે ઓળંગતી વખતે ક્યારે કોઈ માસુમનો અકસ્માત થઈ જાય તે અંગે વાલીઓને ભારે ચિંતા રહે છે અને બાળક હેમખેમ ઘરે પરત આવે ત્યારે માતાપિતાને શાંતિ થાય છે. ત્યારે રંગપુર ગામની સીમમાં નેશનલ હાઈવે ઓથોરીટી કે સરકાર દ્વારા ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવવામાં આવે તેવી માંગ ઉઠાવી હતી.

ગ્રામજનોએ જણાવ્યું હતું કે અગાઉ પણ શાળામાં અભ્યાસ કરતા બે બાળકોના આ માર્ગ ઓળંગતી વખતે અકસ્માત થયો હતો અને તેઓના મોત નિપજ્યા હતા. ત્યારે આવી દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવી આપવામાં આવે. વધુમાં ગ્રામજનોએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે આગામી સમયમાં જો ગ્રામજનોની માગણીનો સ્વીકાર નહીં થાય અને સમસ્યાનો નિકાલ કરવામાં નહીં આવે તો સમસ્ત ગ્રામજનો દ્વારા શિક્ષણનો બહિષ્કાર કરવામાં આવશે અને રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી હતી.



વિશ્વકર્મા જયંતિ નિમિત્તે શહેરની સે-૨૮ જી આઈ ડી સી સ્થિત પ્લાન્ટમાં રાદડીયા પરિવાર દ્વારા ભગવાન વિશ્વકર્માની પુજા અર્ચના કરવામાં આવી હતી. આ ધાર્મિક પ્રસંગે ઉદ્યોગકાર વિનોદ રાદડીયા , મૌલિક પેટલ સહીત અન્ય અગ્રણીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### 3 હોસ્ટેલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજી તરફ મનપાએ હરકતમાં આવી લોકોને અપીલ કરી છે કે પી.જી. કે હોસ્ટેલ ચાલતી હોય તો તે અંગે લોકો ફરિયાદ કરી શકે છે તંત્ર તે માટે પગલાં લેશે.

જિલ્લાની ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં ગેરકાયદે હોસ્ટેલના મુદ્દે રજુ થયેલી ફરિયાદો પછી મનપાનું તંત્ર હરકતમાં આવ્યું છે ત્યારે પણ તંત્ર વ્હાલા દવલાની નીતિ અપનાવી રહ્યુ છે તેવા આક્ષેપો થયા હતા જે ઉલ્લેખનીય છે.

### વાતાવરણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ વંટોળ ઉઠતા પલવાર માટે સેકટરોમાં વાતાવરણ ધુળિયુ બની ગયુ હતુ. વંટોળની સાથે વરસાદી ઝાપટુ પણ વરસ્યુ હતુ. જેના લીધે કેટલાક સેકટરોમાં પાણીના ખ ાબોચિયા ભરાઈ ગયા હતા. જો કે થોડીવારમાં જ તડકો નિકળતા વાતાવરણ સામાન્ય બની ગયુ હતુ. સાંજના સમયે આકાશમાં ફરી વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. ભાદરવાનો આકરો તાપ હજુ જોઈએ તેવો પડયો નથી ત્યારે સતત ભીંજારાથી ત્રસ્ત નગરજનો હવે આકાશ ચોખ્ખુ રહે તેમ ઈચ્છી રહ્યા છે.